**ખાતાકીય બઢતી સમિતિની બેઠક સમયે તથા પસંદગી યાદીની દરખાસ્ત ગુજરાત જાહેર સેવા આયોગને મોકલતાં સમયે નિયત કરવામાં આવેલાં પત્રકોમાં ફેરફાર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ–એસએલટી–૧૦૮૮–૩૩૬૭(ભાગ–૧)–ગ.ર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૦૧/૦૧/૨૦૧૧.

**વંચાણે લીધોઃ–** ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૮/૦૩ તથા તા.૧૬/૧/૦૬ ના પરિપત્ર ક્રમાંકઃએસએલટી–૧૦૮૮–૩૩૬૭–ગ.ર

## પ રિ પ ત્ર

સરકારના સામાન્ય વહીવટ વિભાગના વંચાણ હેઠળના તા.૨૫–૮–૦૩ ના પરિપત્રથી ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકારમાં આવતી જગાઓ ઉપર બઢતીઓ માટેની પસંદગીયાદી તૈયાર કરવા અંગેની આયોગને મોકલવામાં આવતી દરખાસ્તોમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી ચેકલીસ્ટનો નમૂનો તથા પત્રક–૧ થી પત્રક–૪ નો નમુનો નિયત કરવામાં આવેલ છે અને જે મુજબ જરૂરી દરખાસ્તો નિયત ચેકલીસ્ટ તથા નિયત પત્રકોમાં આયોગને રજુ કરવામાં આવે છે. આમ છતાં, બઢતીની આવી દરખાસ્તોની ચકાસણી વધુ સરળ અને ઝડપી બને તે હેતુથી વંચાણે લીધેલ પરિપત્રથી નિયત થયેલ ચેકલીસ્ટ સાથેના પત્રક–૧ થી પત્રક–૪ માં રજુ કરવામાં આવતી માહિતીમાં કેટલાક ફેરફારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાનાં અંતે ખાતાકીય બઢતી સમિતિની બેઠક સમયે સમિતિ સમક્ષ વિગતો રજુ કરવા તથા ખાતાકીય બઢતી સમિતિની ભલામણોને સા.વ.વિ. / સરકારશ્રીની મંજૂરી માટે દરખાસ્ત રજુ કરવા માટે સંદર્ભ હેઠળના સા.વ.વિ.ના તા.૨૫/૮/૨૦૦૩ ના પરિપત્રથી નિયત કરવામાં આવેલા પત્રક–૧ થી પત્રક–૪ રદ કરીને તેના બદલે હવે આ સાથે બિડાણ કરવામાં આવેલ **પત્રક–અ** તથા **પત્રક–બ** નિયત કરવામાં આવે છે. આથી આવી દરખાસ્તો હવે આ નવા પત્રકોમાં સચિવાલયના સંબંધિત વિભાગના વર્ગ–૧ ના અધિકારીશ્રી ધ્વારા પ્રમાણિત કરીને રજુ કરવાની રહેશે, તદઉપરાંત બઢતી માટેની પસંદગી યાદી પરત્વે આયોગની સલાહ મેળવવાની દરખાસ્ત ગુજરાત જાહેર સેવા આયોગને રજુ કરતા સમયે ઉપર વંચાણમાં લીધેલા સા.વ.વિ.ના તા.૨૫/૮/૨૦૦૩ ના પરિપત્રથી નિયત કરવામાં આવેલા ૧૭ કોલમો ઉપરાંત ત્યારબાદ સા.વ.વિ.ના તા.૧૬/૧/૨૦૦૬ ના સરખા ક્રમાંકના પરિપત્રથી ઉમેરવામાં આવેલા વધારાના ૪ કોલમો એમ કુલ–૨૨ કોલમોમાં જાહેર સેવા આયોગને માહિતી મોકલી આપવાની રહે છે, તેના

P.T.O.

www.shixan.in

બદલે હવે આ સાથે સામેલ નવા સુધારેલ ચેકલીસ્ટ(ભાગ–૧)ના નમુનામાં આયોગને માહિતી મોકલી આપવાની રહેશે.

૩. ખાતાકીય બઢતી સમિતિની ભલામણો મેળવ્યા બાદ આવી ભલામણો પરત્વે સા.વ.વિ. / સરકારશ્રી ધ્વારા તેનો સ્વીકાર કરવાની મંજૂરી મેળવવાની રહે છે. આમ છતાં, સચિવાલયના કેટલાક વિભાગો ધ્વારા અમુક કિસ્સાઓમાં ખાતાકીય બઢતી સમિતિની ભલામણો પ્રાપ્ત થયા બાદ તે ભલામણો પરત્વે સા.વ.વિ./સરકારશ્રીની યોગ્ય પ્રકારે મંજૂરી મેળવ્યા સિવાય બારોબાર બઢતી સમિતિની ભલામણો પરત્વે જાહેર સેવા આયોગનો પરામર્શ કરવામાં આવતો હોય છે, જે યોગ્ય નથી. ખાતાકીય બઢતી સમિતિની ભલામણો મળ્યા બાદ તે ભલામણોને "ચેનલ ઓફ સબમીશન" ના ઠરાવની જોગવાઈ મુજબ સા.વ.વિ. / સરકારશ્રીની યોગ્ય પ્રકારે મંજૂરી મળ્યા બાદ જ સંબંધિત વહીવટી વિભાગે જાહેર સેવા આયોગનો પરામર્શ કરવાનો રહેશે. આ જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા સચિવાલયના સર્વે વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેશ એમ. રાવલ )
સેક્શન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગની કચેરી, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો– તેઓના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતા / કચેરીઓના વડાઓના ધ્યાને યોગ્ય પ્રકારે મુકવાની વિનંતી સાથે.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
વિશિષ્ટ ફાઈલ.

---

પત્ર ધ્વારા.

www.shixan.in

# —: પ ત્ર ક 'અ' :—

| | | |
|---|---|---|
| (૧) | અધિકારીનું નામ તથા હોદો:– | |
| (૨) | હાલની જગ્યાએ નિમણૂંકની તારીખ:– | |
| (૩) | પ્રવરતા ક્રમાંક:– | જાતિ:– અનુ.જાતિ / અનુ.જનજાતિ |
| (૪) | જન્મ તારીખ:– | |
| (૫) | ખાતાકીય તપાસ / કોર્ટ કેસ અન્વયે ચાર્જશીટ<br>ઈશ્યુ થયેલ છે કે કેમ ? જો થયેલ હોય તો તેની તારીખ:– | |
| (૬) | ખા.અ.માં વિરૂધ્ધ નોંધ છે કે કેમ ?<br>અને તે કાયમી કરવામાં આવેલ છે<br>કે કેમ ? | **વર્ષ:–**<br>વિરૂધ્ધ નોંધની જાણ કર્યા તારીખ:–<br>સંબંધિત અધિ./કર્મ.ની રજુઆતની તારીખ:–<br>વિરૂધ્ધ નોંધ અંગે લેવાયેલ નિર્ણય તારીખ:–<br>વિરૂધ્ધ નોંધ કાયમી કરેલ છે કે રદ કરેલ છે ? |
| (૭) | ભરતી નિયમો મુજબનો અનુભવ ધરાવે છે ? | |
| (૮) | મોટી શિક્ષા / નાની શિક્ષાનો અમલ ચાલુ છે કે કેમ ?<br>જો હા, તો ક્યારે પુર્ણ થાય છે તેની વિગતો પત્રકમાં સામેલ રાખવી. | |
| (૯) | ભરતી નિયમોની જોગવાઈ મુજબ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે ? હા / ના<br>તેમજ અન્ય તમામ લાયકાતો સંતોષે છે કે કેમ ? | |
| (૧૦) | ભરતી નિયમો મુજબ નિયત શૈક્ષણિક લાયકાત અને / અથવા અનુભવની લાયકાતો સંતોષે છે કે કેમ ? | |
| (૧૧) | CCC+ ની પરીક્ષા પાસ કરેલ છે કે કેમ ? | હા / ના |

**(૧૨) અધિકારી / કર્મચારીના છેલ્લા પાંચ / આઠ વર્ષના ખાનગી અહેવાલની વિગતો.**

| ક્રમાંક | વર્ષ | સમયગાળો | અહેવાલ લખનાર અધિકારીનું મૂલ્યાંકન | સમીક્ષક અધિકારીનું મૂલ્યાંકન | વર્ષ દરમ્યાનનાં મોટા સમયગાળાનું મૂલ્યાંકન | રિમાર્કસ (વર્ગ–૧ માંથી વર્ગ–૧ માં બઢતીના કિસ્સામાં ગુણકક્ષા દર્શાવવી) |
|---|---|---|---|---|---|---|
| (૧) | | | | | | |
| (૨) | | | | | | |
| (૩) | | | | | | |



www.shixan.in

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૪) | | | | | | |
| (૫) | | | | | | |
| (૬) | | | | | | |
| (૭) | | | | | | |
| (૮) | | | | | | |

**નોંધઃ**–(૧) વર્ગ–૪ માંથી વર્ગ–૩, વર્ગ–૩ માંથી વર્ગ–૩, વર્ગ–૩ માંથી વર્ગ–૨, વર્ગ–૨ માંથી વર્ગ–૨ અને વર્ગ–૨ માંથી વર્ગ–૧ ની પ્રથમ તબકકાની જગ્યાએ બઢતીથી નિમણૂંક આપવા માટેની ખાતાકીય બઢતી સમિતિની બેઠક સમયે વિચારણા હેઠળનાં કર્મચારી / અધિકારીનાં છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલોની વિગતો રજુ કરવી. જયારે વર્ગ–૧ માંથી વર્ગ–૧ માં(દા.ત.ઉપસચિવમાંથી નાયબ સચિવની જગ્યા) તથા તેથી ઉપલી જગ્યાઓ પર બઢતી માટેની ખાતાકીય બઢતી સમિતિની બેઠક માટે સંબંધિતનાં છેલ્લા આઠ વર્ષોનાં ખાનગી અહેવાલોની વિગતો રજુ કરવી.

(૨) વિચારણા માટે લેવાનાં થતાં પાંચ / આઠ વર્ષોનાં ખાનગી અહેવાલોમાંથી કોઈ એક કે અમુક વર્ષોનાં ખાનગી અહેવાલો લખાયેલ ન હોય તો તેટલાં આગળનાં વર્ષોનાં ખાનગી અહેવાલોની વિગતો રજુ કરવી.

(૩) જે તે વર્ષના ખાનગી અહેવાલના સમયગાળામાં ખાનગી અહેવાલનો સમયગાળો જો એક કરતાં વધુ સમયગાળામાં વહેંચાયેલ હોય તો તે દરેક સમયગાળાના ખાનગી અહેવાલોની વિગતો કોલમ–૨ માં અલગ અલગ દર્શાવવી અને તે સમયગાળાના ચોકકસ મહિના અને દિવસો એમ દર્શાવવું, તથા પ્રમાણપત્ર અપાયેલ હોય તો તેનો ચોકકસ સમયગાળો અવશ્ય દર્શાવવો.

વિભાગનાં વર્ગ–૧ નાં અધિકારીની સહી તથા સિકકો



www.shixan.in

## પ ત્ર ક – 'બ'

શ્રી... ... ... ... ... ... ... ... ... ...સામેની ખાતાકીય તપાસ / ક્રિમીનલ ચાર્જનાં પ્રોસીક્યુશન અંગેની વિગતો દર્શાવતું પત્રક.

| ક્રમાંક | ફાઈલ નંબર | તકેદારી આયોગનો અભિપ્રાય તથા તારીખ | ચાર્જશીટ ઈશ્યુ થયા તારીખ | ક્રિમીનલ ચાર્જનાં પડતર / ચાલુ પ્રોસીક્યુશન કેસ અંગેની વિગતો | આરોપોની વિગત ટૂંકમાં | બચાવનામું રજુ કર્યા તારીખ | ખાતાકીય તપાસ અધિકારીને કેસ સોંપ્યા તારીખ | ખાતાકીય તપાસમાં થયેલ પ્રગતિ અદ્યતન પરિસ્થિતિ સાથે | ખા.ત.ની કાર્યવાહીમાં થયેલ વિલંબ અંગેના કારણો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| | | | | | | | | | |

સંબંધિત વર્ગ–૧ અધિકારીની
સહી...............................વિભાગ.

STATE.B.DEPART.INQ..doc

www.shixan.in

## (ભાગ–૧) ચેકલીસ્ટ

**સા.વ.વિ.ના તા.૦૧/૦૧/૨૦૧૧ ના પરિપત્ર ક્રમાંકઃ–એસએલટી–૧૦૮૮– ૩૩૬૭– ગ.૨ નું બિડાણ.**

**સરકાર ધ્વારા આયોગના પરામર્શ માટે મોકલવામાં આવતી બઢતી માટેની પસંદગી યાદીની દરખાસ્ત સાથે મોકલવાનું ચેકલીસ્ટઃ–**

---

૧. વિભાગનું નામઃ–

૨. જે જગ્યા પર બઢતી આપવાની છે તેનું નામઃ–

(૧) સંવર્ગ :–

(૨) પગાર ધોરણ :–

૩. જે જગ્યામાંથી(ફીડર કેડર) બઢતી આપવાની છે તેની વિગતઃ–
(અ) જગ્યાનું નામઃ–

(બ) સંવર્ગઃ–

(ક) પગાર ધોરણઃ–

૪. મુદ્દા ક્રઃ ૩ માં દર્શાવેલ સંવર્ગની આખરી પ્રવરતા યાદીના
(અ)ક્રઃ...........................તા..............
...........થી પ્રસિધ્ધ થઈ. ( નકલ બીડવી )

(બ) ઉકત પ્રવરતા યાદી આખરી છે ? હા કે ના

(ક) ઉકત(બ) નો જવાબ ના હોય તો કારણો દર્શાવવાં.

૫. બઢતીથી ભરવાની જગ્યાના ભરતી નિયમોની વિગતઃ–
(અ) પ્રવર્તમાન ભરતી નિયમોના હુકમ–

નંબર...............તારીખ.................

(નકલ બીડવી)

(બ) ભરતીનું નિયત થયેલ પ્રમાણઃ–

(૧) ટકા સીધી ભરતીઃ–

(૨) ટકા બઢતીઃ–

(૩) ટકા બદલી/પ્રતિનિયુકિતઃ–



www.shixan.in

(ક) બઢતી માટે ઠરાવેલી લાયકાતઃ–

(૧) શૈક્ષણિક :–

(૨) ખાતાકીય પરીક્ષાઃ–

(૩) બઢતી માટે લઘુત્તમ અનુભવ :–

(૪) સિધ્ધ ગુણવત્તા અને કાર્યક્ષમતાનું ધોરણ રખાયેલ હોય તો તે ખાનગી અહેવાલના આધારે આવી લાયકાત ધરાવે છે કે કેમ ?

(૫) સીસીસી+ પરીક્ષાઃ–

(૬) અન્ય :–

૬. (૧) પ્રસ્તુત પસંદગીયાદીમાં વિચારણામાં લીધેલ જગ્યાઓની સંખ્યાઃ–

(૨) આ જગ્યાઓ રેશિયા મુજબ બઢતીને ફાળે આવે છે ? — હા / ના

(૩) બઢતીથી ભરાયેલ તેમજ ભરવાપાત્ર જગ્યાઓમાં અનુ.જાતિ તથા અનુ.જનજાતિના કેટલા ઉમેદવારો હોવા જોઈએ ?
અનુસૂચિત જાતિઃ–
અનુસૂચિત જનજાતિઃ–

(૪) બઢતીથી ભરાયેલ જગ્યાઓમાં અનુ. જાતિ અને અનુ.જનજાતિના ઉમેદવારોની સંખ્યા :
અનુસૂચિત જાતિઃ–
અનુસૂચિત જનજાતિઃ–

(૫) બઢતીથી ભરવાપાત્ર જગ્યાઓમાં અનુ. જાતિ અને અનુ.જનજાતિના કેટલા ઉમેદવારોનો સમાવેશ કરવાનો થશે ?
અનુસૂચિત જાતિઃ–
અનુસૂચિત જનજાતિઃ–

(૬) આ પસંદગીયાદીમાં કયા પ્રવરતા ક્રમથી કયા પ્રવરતા ક્રમ સુધીની વિચારણા કરેલ છે ?

(૭) અનામત જગ્યાઓ માટે વિચારણામાં લીધેલ પ્રવરતા ક્રમઃ–
અનુસૂચિત જાતિઃ–
અનુસૂચિત જનજાતિઃ–

(૮) પ્રવરતાયાદીમાંથી કયા કયા પ્રવરતાક્રમના નામો વિચારણામાં લેવાના થતા નથી, તેની વિગતોઃ–
(ક) વયનિવૃત્તિઃ–
(ખ) સ્વૈચ્છિક નિવૃત્તિ :–
(ગ) રાજીનામુંઃ–
(ઘ) અવસાન થયેલા :–
(ચ) અન્ય સંવર્ગમાં ગયેલ :–
(છ) અગાઉ બઢતી મેળવેલ :–



www.shixan.in

| | |
|---|---|
| ૭. આયોગે અગાઉ આપેલ અભિપ્રાય મુજબ પડતા મુકવામાં આવેલ અધિકારીઓની વિચારણા કરીને પ્રસ્તુત પસંદગી યાદીમાં સમાવેશ કરેલ હોય તો તેની વિગતઃ– | (૧) અગાઉની પસંદગીયાદીની બેઠકની તારીખઃ–<br>(૨) પ્રવરતા ક્રમ, નામ |
| ૮. ખાતાકીય પસંદગી સમિતિની અગાઉની બેઠક વખતે કોઈ અધિકારી સામે ખાતાકીય તપાસ પડતર હોવાને કારણે સદરહુ અધિકારી વિશેની ભલામણ બંધ કવરમાં રાખી હોય તેવા કેસની સમીક્ષા પ્રસ્તુત પસંદગી યાદી સમયે ખાતાકીય પસંદગી યાદી સમયે ખાતાકીય પસંદગી સમિતિએ કરેલ હોય તો તેની વિગતઃ– | (૧) અગાઉની પસંદગીયાદીની બેઠકની તારીખઃ–<br>(૨) પ્રવરતા ક્રમ, નામ |
| ૯. દરખાસ્તમાં સમાવિષ્ટ અધિકારીઓના છેલ્લા પાંચ / આઠ વર્ષના ખાનગી અહેવાલની ફાઈલો મોકલેલ છે કે કેમ ?<br>(અ) જે અધિકારીઓના ખાનગી અહેવાલની વિરુધ્ધ નોંધ હોય તેની તેઓને જાણ કરવામાં આવેલ છે કે કેમ ?<br>(બ) એવા કેટલા અધિકારીઓ છે કે જેઓના ખાનગી અહેવાલમાંની વિરુધ્ધ નોંધની જાણ કરવામાં આવેલ નથી ? જો આ નોંધની જાણ કરેલ ન હોય તો કયા નિયમો હેઠળ કરેલ નથી ?<br>(ક) સમાવિષ્ટ અધિકારીઓ પૈકી કોઈની પ્રતિકુળ નોંધ સામેની રજુઆત પરત્વેનો નિર્ણય લેવાનો બાકીમાં છે ? | |
| (ડ) "ખાતાકીય બઢતી સમિતિએ પસંદગી યાદીઓ તૈયાર કરતી વખતે સમિતિ ધ્વારા વિચારાયેલા અધિકારીઓ / કર્મચારીઓના છેલ્લા જે વર્ષના ખાનગી અહેવાલો વિચારણામાં લેવામાં આવેલ હોય તે અહેવાલોના વર્ષો / સમયની ક્રમવાર વિગતો(છેલ્લા જે જે વર્ષો / સમયના અહેવાલો વિચારણામાં લીધેલા હોય તે વર્ષો / સમય ક્રમાનુસાર જણાવવા.)" | વર્ષ..................થી..................વર્ષ સુધીના |
| ૧૦. દરખાસ્તમાં સમાવિષ્ટ બધાં જ અધિકારીઓ મુદ્દા ક્રઃ૫(ક)માં દર્શાવેલ બધી લાયકાતો ધરાવે છે ?<br>જો ના, તો તેવા અધિકારીઓનાં નામ અને લાયકાત ધરાવતાં નથી તેની વિગતોઃ– | |



www.shixan.in

૧૧. જગ્યાના ભરતી નિયમોમાં લઘુત્તમ અનુભવની જોગવાઈ હોય અને તેમાં છૂટછાટ મુકવાની ભલામણ હોય તો :–

(અ) ભરતી નિયમોમાં અનુભવની જોગવાઈમાં છૂટછાટ આપવાની જોગવાઈ છે ?

(બ) છૂટછાટ કોની કોની બાબતમાં મુકવાની છે ?

(ક) કેટલી છૂટછાટ મુકવાની છે ?

(ડ) છૂટછાટ મુકવાનું કારણ ?

૧૨. ભરતી નિયમોમાં લઘુત્તમ અનુભવની જોગવાઈ નહિ હોવાની સા.વ.વિ.ની તા.૬–૧૨–૮૫ની અધિસૂચનાથી જોગવાઈ લાગુ પડતી હોય તો તેના પરંતુક હેઠળ છૂટછાટ આપવાની ભલામણ હોય તો તેનાં કારણો દર્શાવવા તથા કોને કોને છૂટછાટ આપવાની છે તેમનાં નામ દર્શાવવા.

૧૩. (અ) દરખાસ્ત હેઠળના અધિકારીઓ સામે ખાતાકીય તપાસ ચાલુ સૂચિત કે પડતર છે કે કેમ ? હોય તો તેની વિગતોઃ–

(બ) દરખાસ્ત હેઠળના અધિકારીઓ સામે પ્રોસીકયુશન પડતર છે કે કેમ ? હોય તો તેની વિગતો :–

૧૪. નિયમો હેઠળ જે તે અધિકારી સામે ખાતાકીય તપાસ/આક્ષેપ તથા અન્ય કાર્યવાહીના કિસ્સામાં સા.વ.વિ.ના તા.૨૩–૯–૮૧ના ઠરાવ ક્રમાંકઃ–એસએલટી–૧૦૮૦–૮૯૫–ગ.૨ અનુસારની કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ?

૧૫. જે અધિકારીઓના કેસો સા.વ.વિ.ના તા.૨૩–૯–૮૧ના ઠરાવ ક્રમાંકઃ– એસએલટી–૧૦૮૦–૮૯૫–ગ.૨, પ્રમાણે અગાઉ સીલબંધ કવરમાં રાખવામાં આવેલ છે, તેમના કિસ્સામાં સા.વ.વિ.ના તા.૨–૪–૮૩ના ઠરાવ ક્રમાંકઃ એસએલટી–૧૦૮૦–૮૯૫–ગ.૨ તથા તા.૩૦–૧૦–૯૩ ના ઠરાવ ક્રમાંકઃ–



www.shixan.in

એસએલટી–૧૦૮૦–૮૯૫–ગ.૨ પ્રમાણે એડહોક બઢતી આપવા અંગે ચકાસણી કરવામાં આવે છે ? જો એડહોક બઢતી માટે ભલામણ કરેલ હોય તો તેની વિગત આપવીઃ–

૧૬. જયાં બઢતીની અનામત જગ્યાઓનો બેકલોગ રહેતો હોય કે ચાલુ જગ્યાઓ (current vacancies)માં જગ્યાની સંખ્યા જેટલી અનામત કક્ષાના ઉમેદવારો ઉપલબ્ધ ન હોય ત્યાં અનુ.જાતિ અનુ.જનજાતિના કર્મચારી/ અધિકારીઓના કિસ્સામાં શિક્ષણ અને મજૂર વિભાગના તા.૨૪–૧૨–૭૧ના ઠરાવ ક્રમાંકઃ–બીસીઈ–૪૭૧–૪(સેલ) ૫૦૨૩–સી ની જોગવાઈ પ્રમાણે ઉદાર વલણ દાખવીને ચકાસણી કરવામાં આવી છે ?

૧૭. સમિતિનો નિર્ણય
(અ) યોગ્ય ઠરાવ્યાઃ–
(બ) અયોગ્ય ઠરાવ્યાઃ–
(ક) ભલામણ બંધ કવરમાં રાખીઃ–
(ડ) "ખુલ્લા" રખાયેલા કેસોઃ–
(ઈ) એડહોક બઢતી માટે ભલામણ કરેલા કેસો
(મુદા નંબર : ૧૫)

૧૮.(અ)આ અગાઉ મળેલ ખાતાકીય બઢતી સમિતિની તારીખઃ–
(બ)તેમાં કયા પ્રવરતાક્રમથી કયા પ્રવરતાક્રમ સુધી વિચારણા થયેલ ?
(ક)આયોગને દરખાસ્ત કર્યા તારીખઃ–
(ડ)આયોગના અભિપ્રાય નંબર અને તારીખઃ
(ઈ)આ પસંદગી યાદીના બધા જ અધિકારીઓને બઢતી આપેલ છે ? હા / ના
છેલ્લા અધિકારીને આપેલ બઢતીના હુકમની તારીખઃ–

૧૯.(અ) સીધી ભરતીથી ભરવાની જગ્યાઓઃ–
(બ) આયોગને માંગણીપત્રક મોકલાવેલ છે ? હા / ના
જો હા તો સરકારના પત્ર નંબર અને તારીખની વિગત આપવી.
(ક) જો માંગણીપત્રક મોકલાવેલ ન હોય તો તેના કારણો અને વિભાગ કક્ષાએથી સીધી ભરતીથી જગ્યા ભરવા માટે કરાયેલ કાર્યવાહીની વિગતો આપવી.



www.shixan.in

૨૦. પ્રસ્તુત દરખાસ્તમાં બઢતીથી ભરવા માટે જે જગ્યાઓ વિચારણામાં લીધેલ છે તેની વિગતો.

(અ) ખાલી જગ્યાની સંખ્યા, જગ્યાઓ ખાલી પડયાની તારીખ અને જગ્યા ખાલી પડવાનું કારણ ?

(બ) આગામી વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓ કે જે બઢતી માટે વિચારણામાં લેવાયેલ હોય,

(ક) કુલ જગ્યાઓ (અ) + (બ)

૨૧. બઢતી માટે અનુભવ ઉપરાંત સીધી ભરતી માટેની શૈક્ષણિક લાયકાતની જોગવાઈ હોય ત્યાં જો પ્રવરતાયાદીમાં શૈક્ષણિક લાયકાતની વિગતો દર્શાવેલ ન હોય તો વિચારણા હેઠળના અધિકારીઓની શૈક્ષણિક લાયકાતની વિગત આપવી.

| <u>પ્રવરતા ક્રમ</u> | <u>નામ:</u> | <u>શૈક્ષણિક લાયકાત</u> |
|---|---|---|
| | | |

૨૨. ખાતાકીય બઢતી સમિતિએ યોગ્ય ગણેલ અધિકારીઓ પૈકી આયોગને દરખાસ્ત મોકલાવ્યા પહેલાં એડહોક બઢતી આપેલ છે ? — હા / ના

(અ) જો હા, તો એડહોક બઢતીના હુકમની નકલ સામેલ કરવી,

(બ) એડહોક બઢતી આપવામાં કોઈ સીનીયર સુપરસીડ થયેલ છે ? — હા / ના

વિભાગના વડાની સહી:–





www.shixan.in

**વિકલાંગ વ્યકિતઓ માટે રાજય સરકારની સેવાઓ / જગ્યાઓમાં સીધી ભરતી માટેના રોસ્ટર ક્રમાંક અને રોસ્ટર રજીસ્ટર નિભાવવા અંગે.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ--સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ--૦૩/૦૮/૨૦૧૧.

**વંચાણમાં લીધાઃ--**

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તારીખઃ--૧૯/૨/૨૦૦૦ નું જાહેરનામું ક્રમાંકઃ-- ગસ/૨૦૦૦/૪/સીઆરઆર--૧૦૯૪--૧૬૫૪--ગ.૨,

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તારીખઃ--૪/૫/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃ-- સીઆરઆર--૧૦૨૦૦૦--જીઓઆઈ--૭--ગ.૨.

(૩) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન(ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગ)ની તા.૨૯/૧૨/૨૦૦૫ ની કચેરી યાદી ક્રમાંકઃ--૩૬૦૩૫/૩/૨૦૦૪/ એસ્ટા(રીઝર્વેશન)

**ઠ રા વઃ--**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર્યુકત વંચાણ હેઠળના ક્રમાંક--(૧) સામેના તા.૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાથી વિકલાંગો માટે ૩ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જયારે વંચાણ હેઠળના ક્રમાંક(૨) સામેના સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૪/૫/૨૦૦૨ ના ઠરાવથી ભારત સરકારના વિકલાંગ(સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી)ધારો, ૧૯૯૫ અને વંચાણ હેઠળના ક્રમાંક--(૧) સામેના તા.૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાથી વિકલાંગો માટે ૩ ટકા જગાઓ અનામત રાખવાની કરવામાં આવેલ જોગવાઈ અનુસાર જો વિકલાંગ ઉમેદવાર પસંદગી પામે તો તેને જે તે યોગ્ય કેટેગરી(જેવી કે, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ/સામાન્ય કેટેગરી)એટલે કે ઉમેદવાર જે કેટેગરીનો હોય તે કેટેગરીમાં મુકવો તેવું ઠરાવવામાં આવેલ છે. ભારત સરકારની ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ--(૩) સામેની તા.૨૯/૧૨/૨૦૦૫ ની કચેરી યાદીથી વિકલાંગ વ્યકિતઓ માટેની અનામત જગ્યાઓ ભરવા સંબંધે ૧૦૦ ક્રમાંકનું રોસ્ટર રજીસ્ટર નિભાવવાની જોગવાઈ કરી તે અંગેના રજીસ્ટરનો નમુનો નિયત કરવામાં આવેલ છે. આથી રાજય સરકારની સેવાઓ અને જગ્યાઓમાં પણ સીધી ભરતીમાં વિકલાંગો માટે નિયત કરાયેલ અનામત જગ્યાઓ યોગ્ય રીતે ભરાય તેમજ તેનું વ્યવસ્થાપન પણ થઈ શકે તે માટે રોસ્ટર રજીસ્ટર નિયત કરવાની / નિભાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છેઃ--

(૧) વિકલાંગ વ્યકિતઓ માટેની સીધી ભરતીથી ભરવાની થતી અનામત જગ્યાઓના સંદર્ભમાં આ

P.T.O.



www.shixan.in

સાથે સામેલ પરિશિષ્ટ મુજબનું સીધી ભરતીથી નિમણૂંક અંગેનું ૧૦૦ ક્રમાંકોનું અનામત રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૨) સીધી ભરતીથી નિમણૂંક અંગેનું દરેક રજીસ્ટર ૧૦૦ ક્રમાંકનું રહેશે અને તેમાં ક્રમાંક:૩૪, ૬૮ અને ૧૦૦ વિકલાંગ વ્યક્તિઓ માટે સુનિશ્ચિત થયેલા રહેશે.

(૩) દરેક સંવર્ગમાં સુનિશ્ચિત કરાયેલ જગ્યાઓમાં બિનઅનામત તેમજ અનામત એવી તમામ જગ્યાઓ જેમ જેમ ભરાય તેમ તેમ તેની નોંધણી પ્રસ્તુત અનામત રોસ્ટર રજીસ્ટરમાં કરવાની રહેશે અને ૧૦૦ ક્રમાંકના અંતે વિકલાંગો માટેની સુનિશ્ચિત થયેલી જગ્યાઓ યોગ્ય પ્રકારે ભરાય તે અંગેની જરૂરી કાળજી રાખવાની રહેશે.

૩. સરકારશ્રીના ઉપર્યુક્ત ઠરાવનો અમલ ચુસ્તપણે કરવા આથી સચિવાલયના સર્વે વિભાગો / ખાતાના વડાઓને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( સી.એમ.સદાદીયા )**
**નાયબ સચિવ(ક.ગ.૧),**
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

**બિડાણઃ— પરિશિષ્ટ.**

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો, તેમના તાબાના ખાતાના વડા તથા કચેરીઓના વડાને યોગ્ય સૂચનાઓ આપવાની વિનંતી સાથે.
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / શાખાઓ.
<u>પસંદગી ફાઈલ</u>
× પત્ર દ્વારા.

www.shixan.in

સામાન્ય વહીવટ વિભાગનાં તા.૦૩/૦૮/૨૦૧૧ નાં ઠરાવ ક્રમાંકઃ—સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨ નુ બિડાણ પત્રક.

વિકલાંગ વ્યકિતઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનું રોસ્ટર રજીસ્ટરનો નમુનો.

| ભરતીનું વર્ષ | આવર્તક નંબર અને રોસ્ટર ક્રમાંક નંબર | જગ્યાનું નામ | જો કોઈ જગ્યા ચોકકસ પ્રકારની અપંગતા માટે સુનિશ્ચિત કરાયેલ હોય તો | | | બિનઅનામત કે અનામત (x) | નિમણૂંક અપાયેલ વ્યકિતનું નામ અને નિમણૂંકની તારીખ | નિમણૂંક પામેલ વ્યકિત VH/HH/OH કે કોઈ નહીં (xx) | રિમાર્કસ જો હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અંધત્વ અથવા ઓછી દૃષ્ટિ VH | શ્રવણની ખામી HH | હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવા OH | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

(x) જો જગ્યા **VH / HH / OH** માટે અનામત હોય તો સંબંધિત કોલમમાં દર્શાવવી, અન્યથા બિનઅનામતના કોલમમાં દર્શાવવી.

(xx) નિમણૂંક પામેલ વ્યકિત **VH / HH / OH** કે અન્ય છે તે બાબત સ્પષ્ટ રીતે દર્શાવવી.



www.shixan.in

**NOTIFICATION**

**General Administration Department,**

**Sachivalaya, Gandhinagar.**

**Date the - 19th December , 2011**

**CONSTITUTION OF INDIA.**

**No. GS-2011-24-PSC-102008-453655-G2:-** In exercise of the powers conferred by the proviso to clause (3) of the article 320 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following regulations further to amend the Gujarat Public Service Commission (Exemption from Consultation) Regulations, 1960, namely :-

1. These regulations may be called the Gujarat Public Service Commission (Exemption from Consultation) (Amendment) Regulations, 2011.

2. In the Gujarat Public Service Commission (Exemption from Consultation) Regulations, 1960, in regulation 12, in clause (i), after sub-clause (c), the following sub-clause shall be inserted, namely :-

**" (d) withdrawing or withholding pension of a pensioner retired from Class- III or Class- IV service. ".**

By order and in the name of the Governor of Gujarat.

( C. M. Sadadiya )
Deputy Secretary to Government.

To,

The Principal Secretary to the Governor, Raj Bhavan, Gandhinagar.
The Principal Secretary to the Chief Minister.
The Personal Secretaries to all Ministers / Ministers of State.
The Personal Secretary to the Leader of Opposition Party, Gujarat Legislative Assembly, Gandhinagar.

- The Secretary, Gujarat Legislative Assembly, Gandhingar.
- The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.
- The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar.
- The Secretary, Office of Information Commission, Gandhinagar.
- The Registrar, Gujarat High Court, Sola, Ahmedabad.
- The Secretary Gujarat Civil Service Tribunal, Gandhinagar.
- The Secretary, Gujarat Subordinate Services Selection Board Gandhinagar.
- The Secretary, Gujarat Panchayat Service Selection Board, Ahmedabad.

All Department of the Secretariat.
The Manger, Government Central Press, Gandhinagar - with a request to publish this enclosed Notification in Part-IV-A, Gujarat Government Gazette and send 500 (five hundred) copies to this department.
- The Legislative and Parliamentary Affairs Department – with a request to publish Gujarati Translation of Notification.
All officers and all branches in General Administration Department.
The Select file.

- <u>By letter</u>.

www.shixan.in